"એક અભ્યાસ: વ્યક્તિગત સુખથી સામાજિક અને આર્થિક વિકાસ સુધી"

Hina Rohit

Email:- hidirohit1407@gmail.com

VNSGU Journal of Research and Innovation (Peer Reviewed / Refereed)
ISSN:2583-584X
Volume No.5 Issue No.:3 July to September 2026

સારાંશ:

માનસિક સ્વાસ્થ્ય અને ભાવાત્મક કલ્યાણએ વ્યક્તિના વિકાસ માટે જેટલા જરૂરી છે, એટલા જ જરૂરી અર્થતંત્રના વિકાસ માટે પણ છે. આગળના સમયમાં આ વિષયને માત્ર આરોગ્ય ક્ષેત્ર સુધી રાખવામાં આવતો હતો, જેનો હવે દરેક ક્ષેત્રમાં અભ્યાસ થાય છે. આ પેપરમાં દર્શાવે છે કે માનસિક તણાવ એ વ્યક્તિની કાર્યક્ષમતા પર અસર કરે છે અને આવકની અસમાનતા વધારે છે. આ પેપર એ દ્વિતીયક ડેટા, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સર્વેના આધારે માનસિક સ્વાસ્થ્ય અને આર્થિક પરિણામ વચ્ચેના સંબંધનું વિશ્લેષણ કરે છે. આ પેપર જણાવે છે કે માનસિક સ્વાસ્થ્ય પાછળ થતું રોકાણ એ માત્ર આરોગ્ય કે સ્વાસ્થ્ય પૂરતું જ મર્યાદિત નથી હોતું, એ અમુક સમય પછી સામાજિક કલ્યાણ અને આર્થિક વિકાસમાં સહભાગી બને છે. આમ, જ્યારે વ્યક્તિ માનસિક રીતે સ્વાસ્થ્ય ના હોય તો તેની અસર સમગ્ર અર્થતંત્ર પર પડે છે.

1. પ્રસ્તાવના:

અર્થશાસ્ત્રમાં માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીનો અર્થ સમજવો હોય તો ખુશી આંક(Happiness Index)ને સમજાવો જોઈએ. હેપ્પીનેસ ઇન્ડેક્સ એ એક સર્વે છે જે તમારા જીવનના 10 અલગ અલગ ક્ષેત્રોમાં તમારી ખુશીને માપે છે. સર્વેમાંથી એકત્રિત કરવામાં આવેલા ડેટાનો ઉપયોગ લોકોની ખુશીનું મૂલ્યાંકન કરવા માટે થાય છે. જ્યારે અહી આર્થિક વિકાસનો અર્થ અમર્ત્ય સેનના શબ્દોમાં જોઈએ, તો આર્થિક વિકાસએ માત્ર જી.ડી.પી. વધારવું નથી, પરંતુ માનવ સ્વતંત્રતા અને ક્ષમતાઓને વિસ્તારવાની પ્રક્રિયા છે.

2. સાહિત્ય સમીક્ષા:

Geetha 2023 આ સંશોધન ભારતના સુખ સૂચકાંકને પ્રભાવિત કરતાં પરિબળો ને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં ભારતના ખુશી ક્રમાંકને ધ્યાનમાં લેવામાં આવ્યો છે, જેનો મુખ્ય ઉદ્દેશ ભારતની જી.ડી.પી. અને બાહ્ય દેવાની ભારતના ખુશી આંક પરની અસર જોવા માટે છે. આ અભ્યાસમાં વિવિધ ચલોને લૉગનાં સ્વરૂપમાં રૂપાંતરિત કરીને સમય શ્રેણી રીગ્રેશન વિશ્લેષણનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પધ્ધતિનો ઉપયોગનો મુખ્ય કારણ એ પણ હતું કે આહી ઉપયોગ કરવામાં આવેલા ચલોએ સ્થિર ન હતા. આ અભ્યાસનું તારણ એમ જાણવામાં મળ્યૂ છે કે દેશની જી.ડી.પી. અને ખુશી આંક વચ્ચે નકારાત્મક સહસંબંધ જોવા મળ્યો છે.અને સાથે સાથે એમ પણ જાણવા મળ્યું છે કે જો ખુશી આંકમાં વધારો લાવવો હોય તો દેશમાં માથાદીઠ જી.ડી.પી.માં વધારો કરવો પડશે (Geetha, 2023).

José 2019 આ સંશોધનએ 21મી સદીના ચીનમાં આર્થિક વિકાસ અને માનસિક સ્વાસ્થ્ય અંગેનો અભ્યાસ કરે છે. જેનો મુખ્ય ઉદ્દેશએ ચીનમાં આર્થિક વૃધ્ધિ માનસિક સ્વાસ્થ્યના બગાડ સાથે સંકળાયેલી છે તેને જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અહી ત્રણ સર્વેક્ષણ વળે અવલોકનો કરીને આર્થિક પરિસ્થિતિ અને માનસિક સ્વાસ્થ્યના વચ્ચેનાં જોડાણની ચકાસણી કરવામાં આવી છે. જેમાં જાણવા મળે છે કે માનસિક સ્વાસ્થ્યના બગાડ સાથે સંકળાયેલ માથાદીઠ જી.ડી.પી. વૃધ્ધિનો દર ઊંચો જોવા મળ્યો છે. સાથે સાથે અહી સ્ત્રી અને પુરુષનો દર પણ અલગ અલગ ચકાસવામાં આવ્યો છે. અહી એમ પણ જોવા મળ્યું છે કે ઓછી આવક ધરાવતા લોકોને આર્થિક વૃધ્ધિ દ્વારા સૌથી વધારે નુકશાન થતું હોય છે(José, 2019).

Yerramilli 2012 આ સંશોધન એ માનસિક સ્વાસ્થ્યની અવગણનાના આર્થિક પરિણામો પર થયેલ એક અભ્યાસ છે, જે ભારતીય દ્રષ્ટિકોણને આધારે કરવામાં આવ્યો છે. આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશએ નીતિ નિર્માણમાં માનસિક સ્વાસ્થ્ય અંગેના રોકાણમાં જાગૃતી વધારવાનો છે. જેની સાથે નબળા રોકાણથી સમાજ પરની નકારાત્મક અસરને તપાસવું છે. અહી વિવિધ પ્રકારના સ્ત્રોત દ્વારા આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. આ સંશોધનના તારણો પરથી જાણવા મળે છે કે માનસિક સ્વાસ્થ્યના સારવારનો ખર્ચએ નકારાત્મક અસરના ખર્ચ કરતાં ઘણો ઓછો હોય છે. માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક-આર્થિક વિકાસ એકસાથે ચાલે છે. તેથી, માનસિક સ્વાસ્થ્યમાં રોકાણએ વિકાસ માટે રોકાણ કરવા બરાબર છે (Yerramilli, 2012).

3. સંશોધન ખાધ:

આ અભ્યાસ માટે કરવામાં આવેલ સાહિત્ય સમીક્ષામાં એક રાષ્ટ્રીય સ્તરના લેખનો અભ્યાસ છે અને બીજા બે લેખએ આંતર રાષ્ટ્રીય સ્તરના છે. આ સિવાયની કેટલીક માહિતી અને ડેટા જોતાં એમ સ્પષ્ટ થયું છે કે ભારતમાં આ પ્રકારના સશોધનની જરૂર છે કારણ કે ભારતની જી.ડી.પી. એ વિશ્વની સૌથી મોટી જી.ડી.પી. માંની એક છે, પરંતુ ખુશી આંકમાં તેનું પ્રદર્શન એટલું સારું નથી. જેમાં આગળ વધવા માટે અને ટકાઉ વિકાસનો સાચો અર્થ વિકસાવવા માટે આ અભ્યાસ જરૂરી બની જાય છે.

4. સંશોધનના ઉદ્દેશો:


1) ભારતમાં ખુશી આંક તપાસવો
2) ભારતમાં સુખાકારી અને આર્થિક, સામાજિક વિકાસ વચ્ચે સંબંધ તપાસવો

5. સંશોધન પદ્ધતિ:

ભારતમાં વ્યક્તિગત સુખાકારી અને આર્થિક અને સામાજિક વિકાસ વચ્ચેના સંબંધને તપાસવા માટે દ્વીતીયક ડેટા દ્વારા ગુણાત્મક વિશ્લેષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે, અહી ખુશી આંક અને જી.ડી.પી. ની કેટલીક માહિતી લેવામાં આવી છે.

6. વિશ્લેષણ અને તારણો:

આ સંશોધનમાં ખુશી આંક અંગે માહિતી લેવામાં આવી છે. આ ડેટાએ વર્લ્ડ હેપ્પીનેશ રિપોર્ટમાંથી લેવામાં આવ્યો છે. અહી 2015થી 2025ના વર્ષની માહિતી લેવામાં આવી છે, જેમાં ભારતનું આ 10 વર્ષના સમયગાળા દરમિયાનનું સ્થાન દર્શાવવામાં આવ્યું છે. જેની સમજૂતી નીચેના આલેખ પરથી સમજાવવામાં આવી છે.




સ્ત્રોત: https://www.themirrority.com/data/world-happiness-report

ઉપરોક્ત ગ્રાફમાં આડી ધરી પર સમયગાળો અને ઊભી ધરી પર વિશ્વમાં ભારતનો ખુશી આંકનો ક્રમ દર્શાવવામાં આવ્યો છે. ઉપરોક્ત ગ્રાફમાં ભારતનો 2015થી 2025નો ખુશી આંકનો ક્રમ દર્શાવવામાં આવ્યો છે. આ દસ વર્ષના સમયગાળા દરમિયાન ભારતના ખુશી આંકના ક્રમમાં ખૂબ વધારે ઉતાર ચડાવ જોવા મળ્યો છે. જેમાં ખાસ કરીને 2020ના વર્ષમાં ભારતનો ખુશી આંકનો ક્રમ 144મો છે, જે દરમિયાન દેશમાં સામાજિક અને આર્થિક પરિબળો જવાબદાર છે. આ ગ્રાફ પરથી કહી શકાય કે ભારતમાં આ દસ વર્ષના સમયગાળા દરમિયાન ખુશી આંકના ક્રમમાં સારો એવો સુધારો જોવા મળ્યો છે. જેમાં અવરોધક પરિબળ તરીકે દેશની વસ્તીએ મુખ્ય ભાગ ભજવે છે.

6.1 ભારતમાં આર્થિક અને સામાજિક વિકાસ:

ભારતમાં આર્થિક અને સામાજિક વિકાસને જાણવા માટે જી.ડી.પી. ને ધ્યાનમાં લેવામાં આવી છે. અહી અભ્યાસ માટે 2015થી 2025ની જી.ડી.પી. ની વૃધ્ધિ દરને આધારે સમજૂતી આપવામાં આવી છે,



સ્ત્રોત:https://data.worldbank.org/indicator/NY.GDP.MKTP.CD?contextual=aggregate&end=2024&locations=IN&start=2015&view=chart

ઉપરોક્ત ગ્રાફમાં આડી ધરી પર સમયગાળો અને ઊભી ધરી પર વૃદ્ધિનો દર ટ્રીલિયન અમેરિકન ડોલરમાં આપવામાં આવ્યો છે. ઉપરોક્ત ગ્રાફએ ભારતના આર્થિક વિકાસને દર્શાવે છે, જેમાં ભારતના 2015 થી 2025 સુધીના વર્ષના સમયગાળાની માહિતી દર્શાવવામાં આવી છે. જેમાં જોઈએ તો જી.ડી.પી. શરૂઆતમાં ધીમા દરે વધે અને 2020ના સમયમાં તેમાં ઘટાડો નોંધવામાં આવ્યો છે. જેનું કારણ આગળ જોયું તેમ દેશના આર્થિક પરિબળો જવાબદાર છે, જેમનું એક મોટું કારણ કોવિડ ૧૯ પણ છે. ત્યારબાદ જી.ડી.પી.માં સતત વધારો જોવા મળ્યો છે. 2015ના વર્ષમાં ભારતની જી.ડી.પી.એ 2.2 ટ્રીલિયન અમેરિકન ડોલર જેટલી હતી, જે વધીને 2024ના વર્ષમાં 3.87 ટ્રીલિયન અમેરિકન ડોલર જેટલી થઈ છે.

7. ભારતમાં સુખાકારી અને આર્થિક, સામાજિક વિકાસ વચ્ચેનો સંબંધ:

અહી ઉપર દર્શાવવામાં આવેલ બંને માહિતીના આધારે તેમના વિશ્લેષનો દર્શાવવામાં આવ્યા છે, જેને આધારે વ્યક્તિગત સુખાકારી એટલે કે ખુશી આંક અને આર્થિક અને સામાજિક

વિકાસ વચ્ચે સંબંધ છે તેમ રજૂ કરવામાં આવ્યું છે. જેના પરિણામ તરીકે એમ કહી શકાય, ભારતમાં જેમ જેમ વિકાસ થાય છે તેમ તેમ દેશના વ્યક્તિઓની આવકમાં વધારો થતો જાય છે. જેને પરિણામે લોકોની સુખાકારીમાં વધારો થાય છે અને અર્થતંત્રમાં આર્થિક વૃધ્ધિ આવે છે. ઉપરોક્ત માહિતી અનુસાર જોઈએ તો હેપ્પીનેશ ક્રમાંકના વધારાની સાથે દેશની જી.ડી.પી. માં પણ વધારો થતો જોવા મળ્યો છે. જેથી એમ કહી શકાય છે જેમ વ્યક્તિની સુખાકારીમાં વધારો થશે એમ ઉત્પાદકતા વધવાની સાથે દેશનો વિકાસ પણ થશે. આમ, જો માનવીની સુખાકારી માટે રોકાણ કરવામાં આવે તો તેની અસર તરત આર્થિક રીતે જોવા નથી મળતી, પરંતુ સમય જતાં એનાથી અર્થતંત્રને લાભ પહોંચે છે. જેથી એમ કહી શકાય કે સુખાકારીમાં વધારો કરવાથી આર્થિક અને સામાજિક વિકાસ આપમેળે થતો જોવા મળે છે.

8. સમાપન:

આ અભ્યાસએ વ્યક્તિગત સુખાકારીથી આર્થિક અને સામાજિક વિકાસ સુધીનો માર્ગ દર્શાવે છે. જેમાં સુખાકારીએ આર્થિક વૃધ્ધિમાં વધારો સર્જે છે તેની બાબત સ્પષ્ટ કરવામાં આવી છે. આ સાથે આ અભ્યાસની મર્યાદા પણ છે કે વ્યક્તિગત સુખાકારી એ આર્થિક વિકાસનું કારણ છે કે પરિણામ તે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી, પણ આમ છતાં આ અભ્યાસએ ખુશી આંકનો સંબંધ આર્થિક વૃધ્ધિ સાથે સમજાવે છે.

References

- Geetha, T. (2023). Factors influencing Happiness Index of India. In T. Geetha, *Self Employability and Entrepreneurship in india* (pp. 89-96). India : Mittal publication. Retrieved from https://share.google/yL30GScCz1you9wC1
- José, Q. W. (2019). Economic growth and mental health in 21st century China. *Social Science & Medicine*, 387-395. doi:https://doi.org/10.1016/j.socscimed.2018.11.031
- Yerramilli, S. S. (2012). Economics of mental health: Part II- Investing in and planning for mental health services -the evidence. *Archives of Mental Health*, NA . Retrieved from https://journals.lww.com/amhe/fulltext/2012/13020/economics_of_mental_health__part_ii__investing_in.8.aspx
- https://www.happycounts.org
- https://www.economicsonline.co.uk
- https://www.themirrority.com/data/world-happiness-report
- https://data.worldbank.org/indicator/NY.GDP.MKTP.CD?contextual=aggregate&end=2024&locations=IN&start=2015&view=chart